# આજે વૈશાખ મહિનાની સંકષ્ટી ચતુર્થી

ગાંધીનગર, તા. ૭ સોમવાર, ૮ મેના રોજ વૈશાખ મહિનાની ચતુર્થી છે. આ દિવસે ભગવાન ગણેશની પૂજા અને ઉપવાસ કરવામાં આવે છે. જેને સંકષ્ટી ચતુર્થી કહેવામાં આવે છે. વૈશાખ માસનું મહત્ત્વ ઘણું વધારે છે. આ મહિનામાં પાણી બચાવવાની પરંપરા છે, કારણ કે, આ દિવસોમાં ગરમી વધુ હોય છે અને નદી, તળાવ અને કૂવા જેવા પાણીના મોટાભાગના સ્ત્રોત સુકાઈ જાય છે. જેના કારણે પાણીની અછત સર્જાય છે. આવી સ્થિતિમાં વૈશાખ મહિનો આપણને પાણી બચાવવાની શિખ આપે છે.

ચતુર્થી વ્રત પરિવારનાં સુખ અને સમૃદ્ધિ માટે રાખવામાં આવે છે. સોમવારે ચતુર્થી હોવાથી ભગવાન ગણેશની સાથે આ દિવસે ભગવાન શિવ અને દેવી પાર્વતીનો અભિષેક પણ કરવો જોઈએ. જાણો ચતુર્થીના દિવસે કયા કયા શુભ કાર્યો કરી શકાય છે.

ગણેશ ચતુર્થીના દિવસે સવારે વહેલા ઊઠો અને સ્નાન કર્યા પછી સૂર્યને જળ અર્પિત કરો. આ માટે તાંબાના વાસણનો ઉપયોગ કરો. ઘરના મંદિરમાં ગણેશજીની પૂજા કરો. ભગવાન ગણેશને સિંદૂર, દુર્વા, ફૂલ, ચોખા, ફળ, પવિત્ર દોરો, પ્રસાદ વગેરે અર્પણ કરો. અગરબત્તી પ્રગટાવો.

'શ્રી ગણેશાય નમઃ' મંત્રનો જાપ કરતી વખતે પૂજા કરો. ગણેશજીની સામે ઉપવાસ કરવાની પ્રતિજ્ઞા લો

**ચતુર્થી વ્રત પરિવારનાં સુખ અને સમૃદ્ધિ માટે રાખવામાં આવે છે.**



અને આખો દિવસ ભોજન ન કરો. જે લોકો ભૂખ્યા રહી શકતા નથી તેઓ ઉપવાસ દરમિયાન ફળ, પાણી, દૂધ, ફળોના રસ વગેરેનું સેવન કરી શકે છે.ગણેશજીના ૧૨ નામનો જાપ પણ કરવો જોઈએ. ઓછામાં ઓછા ૧૦૮ વાર જાપ કરો. આ ૧૨ નામના મંત્રો છે - ઓમ સુમુખાય નમઃ, ઓમ એકદંતાય નમઃ, ઓમ કપિલાય નમઃ, ઓમ ગજકર્ણાય નમઃ, ઓમ લંબોદરાય નમઃ, ઓમ વિકટાય નમઃ, ઓમ વિનાશાય નમઃ, ઓમ ધૂમ્રકેતવે નમઃ, ઓમ નમઃ નમઃ ભાલચંદ્રાય નમઃ, ઓમ ગજનનાય નમઃ.

ગણેશપૂજા પછી ભક્તોને પ્રસાદ વહેંચો અને પોતે પણ લો દુઃખ દૂર કરવા ગણેશજીને પ્રાર્થના કરો.શિવપૂજામાં બિલ્વપત્રની સાથે શમીનાં પાન ચઢાવો સામાન્ય રીતે શિવ પૂજામાં બિલ્વનાં પાનનો વિશેષ ઉપયોગ કરવામાં આવે છે, પરંતુ બિલ્વની સાથે શમીના પાન પણ ભગવાનને અર્પણ કરવા જોઈએ. શમીના પાન શિવ, ગણેશ અને શનિદેવને ચઢાવવામાં આવે છે. આકૃતિને ફૂલ, ગુલાબ, ધતુરા, જનોઈ, ચોખા પણ અર્પણ કરો. ચંદનનું તિલક લગાવો. શિવલિંગને ફૂલોથી શણગારો. મીઠાઈઓ અને મોસમી ફળોનો આનંદ માણો. અગરબત્તી પ્રગટાવો. ઓમ નમઃ શિવાય મંત્રનો જાપ કરો. શિવજીની સાથે સાથે દેવી પાર્વતીનો પણ પાતળા પ્રવાહથી અભિષેક કરવો જોઈએ

# ઉનાળામાં વિજ વપરાશ વધતાં સોલાર સિસ્ટમની માંગ વધી

**એસી, પંખા, કુલર, ફ્રિજ વગેરેનો વપરાશ વધી જતાં સોલાર તરફ લોકોનો ઝોક, સરકાર દ્વારા રહેણાંક માટે ૪૦ ટકા સબસીડી, વિજ બચત ઉપર ૨.૨૫ પૈસા વળતર**



ગાંધીનગર, તા. ૭ વર્ષ દરમ્યાન સૌથી વધુ વિજ વપરાશ ઉનાળાની સિઝનમાં થતો હોય છે. જે કારણે વિજળી બિલ પણ ત્રણ થી ચાર ગણાં આ ત્રણથી ચાર માસ દરમ્યાન આવે છે. દરમ્યાન સરકાર દ્વારા વિજ બચતને અગ્રતા આપી સોલાર રૂફટોપ સીસ્ટમને અપનાવવા આગ્રહ સેવાઈ રહ્યો છે. જેને બહોળો પ્રતિસાદ મળ્યો છે અને ગરમીની સિઝનમાં સોલાર રૂફટોપ સિસ્ટમની માંગ પણ વધી જવા પામી છે. જેમ જેમ ગરમીમાં વધારો થતો જાય છે તેમ તેમ ગરમીથી બચાવતા પ્રશાધનોનો ઉપયોગ બમણો થતો જાય છે. એસી, કુલર, પંખા, ફ્રીજ વગેરે પ્રશાધનોના સતત ઉપયોગથી વિજ વપરાશ બમણાંથી વધુ થઈ જાય છે, જેમાં રહેણાંક વિસ્તારોમાં ઘર વપરાશનું બિલ સામાન્ય કરતાં ચાર ગણુ વધી જાય છે, જ્યારે વ્યવસાયિક અને કચેરીઓમાં આ બિલ બમણું આવે છે. જે ધ્યાને લઈ હાલ સરકાર દ્વારા સોલાર રૂફટોપ સિસ્ટમ નંખાવનારને સબસીડી આપી વિજ બચતને પ્રોત્સાહિત કરાય છે. સોલાર રૂફટોપ સિસ્ટમ અપનાવનારને સરકાર દ્વારા ૧ થી ૩ કિલો વૉટ માટે ૪૦ ટકા સબસીડી મળે છે જ્યારે ૩ થી ૧૦ કિલો વૉટ માટે ૨૦ ટકા સબસીડી અપાય છે. આ સોલાર રૂફટોપ દૈનિક દર કિલો વૉટે અંદાજીત ૪ યુનિટ વિજળી ઉત્પાદિત કરે છે. જેથી ઘરના વિજ વપરાશ બાદ વધતી વિજળી બચત ઉપરના ૫૨ યુનિટ રૂ. ૨.૨૫ પૈસા લેખે વળતર પણ આપવામાં આવે છે. જ્યારે વ્યવસાયિક ધોરણે નંખાતી સિસ્ટમમાં વિજ બચત ઉપર ૫૨ યુનિટ રૂ. ૧.૭૦ પૈસા લેખે વળતર મળે છે. વ્યવસાયિકોને જે જંગી વિજ બિલ આવે છે તેમાં ખુબ જ મોટો ફાયદો રહેતો હોય છે જેથી અનેક ઔદ્યોગિક ક્ષેત્રોમાં સોલાર સિસ્ટમ અપનાવાઈ રહી છે. હાલમાં સોલાર રૂફટોપ સિસ્ટમ અપનાવવા અનેક રહીશો અને વ્યવસાયિકો દ્વારા અરજીઓ કરવામાં આવી રહી છે જેમાં સરકારી અધિકૃત કંપનીઓ સોલાર રૂફટોપ નાંખવા માટે હરીફાઈ કરી રહી છે જેમાં ગુણવત્તાયુક્ત અને ટકાઉ મટીરીયલ્સ સાથે વિજળી વધુ ઉત્પન્ન કરી શકે તેવા મટીરીયલ્સનો ઉપયોગ એ વિજ બચતનું મુખ્ય પરિબળ બન્યુ છે.

ઉનાળાની આકરી ગરમીનો હવે અહેસાસ થઈ રહ્યો છે. દિવસ દરમ્યાન પડતા આકરા તડકાના કારણે તાપમાન ઉંચકાયુ અને ખુબ ગરમી અનુભવાઈ રહી છે. ઉનાળાની આકરી ગરમી અને તડકાથી રખડતા પશુઓ રાહત મેળવી શકે તે માટે શહેરમાં ઘણા સ્થળોએ સીમેન્ટની મોટી કુંડીઓ મુકવામાં આવી છે જેમાં સેવાભાવી સંસ્થાઓ દ્વારા પાણી ભરવામાં આવે છે. રખડતા પશુઓ પીવા માટે અને ગરમીથી બચવા માટે તેનો ઉપયોગ કરતા નજરે ચઢે છે.





તલાટીની પરીક્ષાએ તંત્રની પરીક્ષા લઈ લીધી છે. લાખોની સંખ્યામાં ઉમેદવારો હોવાથી તંત્રએ મોટાપાયે વ્યવસ્થા ગોઠવી હતી. બહારગામથી આવતા ઉમેદવારોની સંખ્યા સવિશેષ હોવાથી ઉમેદવારોને પરીક્ષા સ્થળ સુધી પહોંચવા તકલીફ ન પડે તે માટે ટ્રાફિક પોલીસતંત્ર ખડેપગે રહ્યુ હતુ. એસટી બસસ્ટેન્ડ પર ટ્રાફિક પોલીસના જવાનો સવારથી જ સજ્જ થઈ ગયા હતા અને ઉમેદવારોને પરીક્ષા સ્થળ સુધી પહોંચાડવા મદદ કરી હતી.

## આજે ગાંધીનગર ખાતે ૩૧ રિચાર્જ બોરવેલ લોકાર્પણ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૭ પૂજ્ય મહારાજશ્રીની પ્રેરણાથી આઝાદીના અમૃત મહોત્સવના ઉપલક્ષ્યમાં વીવીઓ દ્વારા કાર્યરત જલ સંરક્ષણ અભિયાન અંતર્ગત ગુજરાતના ગામોમાં ૭૫ રિચાર્જ બોરવેલ કાર્યરત કરવાના અભિયાન છે. ત્યારે ૮ મે સોમવારના રોજ ગાંધીનગરના સિવિલ કેમ્પસ સ્થિત જીએમઈઆરએસ મેડિકલ કોલેજ ઓડિટોરિયમ ખાતે ગુજરાતના ગાંધીનગર, રાજકોટ તથા જામનગર જિલ્લાના ૩૧ ગામોમાં કાર્યરત બનેલા રિચાર્જ બોરવેલ લોકાર્પણ સમારંભનું આયોજન કર્યુ છે.

વૈષણવાચાર્ય પૂજ્ય વ્રજરાજકુમારની અધ્યક્ષતામાં આયોજિત આ સમારંભમાં મુખ્ય અતિથિ તરીકે ભા.જ.પા. પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલ દ્વારા લોકાર્પણ કરવામાં આવશે.

જળવાયુ પરિવર્તન જે વૈશ્વિક સમસ્યા છે અને દેશ અને રાજ્યમાં જળ સંસાધનોના ઘટાડાને ગંભીર સમસ્યારૂપે એની નોંધ લઈને એ દિશામાં પ્રતિબદ્ધતાથી કાર્ય કરવાના અભિગમ સાથે વીવીઓ દ્વારા કાર્યરત જળ સંરક્ષણ અભિયાન દ્વારા ગુજરાતના ૫૦ હજાર ઘરોમાં વરસાદી પાણીને સંગ્રહ કરવાનું અભિયાન સફળતાપૂર્વક સાકાર કર્યુ છે.

વીવીઓ દ્વારા કાર્યરત પ્રકૃતિ સંરક્ષણને સમર્પિત અભિયાન પૈકી વૃક્ષોત્સવ અંતર્ગત સમગ્ર ગુજરાતમાં ૫૦ હજારથી પણ વધુ વૃક્ષો વાવીને તેના જતનનું કાર્ય સાકાર કર્યુ છે.



કલા અને રચનાત્મકતા વિધ્વાન લોકોને હંમેશા આકર્ષે છે... તેવી ઘટના આપણાં શહેરમાં બની છે. ગાંધીનગરની વિશ્વ લેવલે ડોલ મેકીંગ અને ફેબ્રિક આર્ટ પર કાર્ય કરતી કલાશ્રીથી ભાગ્યે જ કોઈ અજાણ હશે... ગાંધીનગરની કલાશ્રી સંસ્થાના ફાઉન્ડર સીનીયર સીટીઝન એવા શ્રીમતી રંજનબહેન છેલ્લા છ દાયકાથી ડોલ મેકીંગ આર્ટ દ્વારા ભારતની પરંપરાગત વસ્ત્ર શૈલી અને સંસ્કૃતિને એક આગવા માધ્યમથી વિશ્વ સમક્ષ મુકીને નોંધપાત્ર સ્થાન બનાવ્યુ છે. રંજનબહેન અને તેમના સુપુત્ર હરિન ભટ્ટે દાયકાનાં પ્રયાસ બાદ સમગ્ર ભારતનાં પરંપરાગત પહેરવેશ વાળી ત્રણસોથી વધુ ફેબ્રિક આર્ટ ડોલ બનાવી અને વિશ્વનાં અઢારથી વધુ દેશોમાં પહોંચાડી ચૂક્યા છે. આમ કલાશ્રી સંસ્થા સમગ્ર ભારતમાં એક માત્ર ડોલ ડિઝાઈનીંગ સ્ટુડિયો માટે વિખ્યાત છે. ત્યારે આજરોજ અમદાવાદ ખાતે આવેલી ગર્વમેન્ટ પોલીટેકનીકની કોશ્ચ્યુમ ડિઝાઈનીંગ અને ડ્રેસ મેકીંગની વિદ્યાર્થીનીઓ તેમના અધ્યાપક સાથે ભારતીય પરંપરાત વસ્ત્ર શૈલીની રચના અને બનાવવાની પદ્ધતિ વિષે વિસ્તૃત છણાવટ અને શૈક્ષણિક આશય સાથે મુલાકાત લીધી હતી.

# નરમ ઉનાળો ચટાકેદાર અથાણાં બનાવવામાં અડચણ

**કેરીના ખાંટા-ગળ્યા તેમજ ગુંદાના અથાણાં હોટ ફેવરીટ, ઉત્તમ અથાણાં, છુંદા માટે પૂરતો તડકો જરૂરી જે હાલ અનિયમિત જેથી તૈયાર અથાણાંની માંગમાં ઉછાળો**



ગાંધીનગર, તા. ૭ સિઝનેબલ ખાદ્ય પદાર્થો માટે જે તે સિઝન મુજબનું વાતાવરણ યોગ્ય હોવું જરૂરી છે. પરંતુ ચાલુ સાલે ઉનાળાની શરૂઆત નરમ-ગરમ રહી છે જેથી ઉનાળાની સિઝનની લોકપ્રિય અને સ્વાદિષ્ટ કેરીની બનાવટોમાં સ્વાદ ફિક્કો થયો છે. જેમાં વળી કેરીના અથાણાં માટે જરૂરી ગરમ વાતાવરણ અનિયમિત થતા સ્વાદના રસીયાં નિરાશ થયા છે જો કે ઘેર-ઘેર બનતા અથાણાં મિક્સ વાતાવરણથી શક્ય ન બનતાં લોકો તૈયાર અથાણાં લાવી પોતાની રૂચિને પોસી રહ્યા છે. ચાલુ સાલે ઉનાળો નરમ રહ્યો છે છાશવારે પલટાંતા વાતાવરણથી ઉનાળાની સૌથી વધુ લોકપ્રિય કેરીની મીઠાશને અસર પહોંચી છે. કાચી કેરીના કાંટા-ગળ્યા અથાણાં બનાવવામાં વ્યસ્ત રહેતી ગૃહીણીઓ ચાલુ સાલે અથાણાં માટે જરૂરી એવો તડકો ન મળતાં નિરાશ થઈ છે અને ગૃહ ઉદ્યોગ કે અન્યથી તૈયાર અથાણાં મેળવી ભોજનમાં લઈ સંતોષ મેળવી રહ્યા છે. કેરીનો છુંદો પણ ઘેર ઘેર બાળકો અને મહિલાઓમાં અતિપ્રિય છે જે પણ તૈયાર લાવવાની નોબત આવી છે વળી કેરીના ઓપ્શનમાં ગુંદાના અથાણાંને પણ પ્રાધાન્ય અપાઈ રહ્યું છે. વર્ષ દરમ્યાન ભોજનની થાળી સ્વાદિષ્ટ બની રહે તે માટે ઉનાળામાં કાચી કેરીની અથાણાં બનાવી ભરી દેવાય છે. અથાણાં માટે રાજાપૂરી, દેશી અને હાફુસ કેરીની માંગ રહે છે જે માટે કેરીને ટુકડાં કરી હળદર-મીઠાંમાં ફેલાવી મસાલાં કરી સ્વાદીષ્ટ બનાવાય છે.

જેમાં છુંદો બનાવવા સાત દિવસના તડકાની જરૂરિયાત હોય છે. જે ચાલુ સીઝને વાતાવરણમાં આવેલા પલટાંથી શક્ય બન્યુ નથી. વળી કેરીના પાક માટે ઉનાળાનો તડકો અત્યંત જરૂરી છે જે પણ સીઝનની શરૂઆતથી જ કમોસમી માવઠાં થકી આ પાકને ગંભીર અસર પહોંચી છે. જેનાથી અથાણાં બનાવવા માટેની કેરી ગુણવત્તા વગરની મળી રહી છે જેથી અથાણાંની યોગ્ય મીઠાસ અને ચટકો અથાણાંમાં આવતો નથી. સીઝનની યોગ્ય શરૂઆત ન થતાં ઉનાળાનું મહત્વનું ફળ કેરી બે સ્વાદ રહી લોકોને નિરાશ કર્યા છે. જેથી લોકો પણ તૈયાર અથાણાં લેવા મજબૂર બન્યા છે.